**<u>રાજકોટના મહે. ત્રીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (એમ. જે. બ્રહમભટ્ટ) સાહેબની કોર્ટ, રાજકોટ</u>**

**ફોજદારી કેસ નંબર:– ૯૯૮૪/૨૦૧૭**
**આંક:–**

શ્રી સરકાર ..................ફરીયાદી

વિરૂધ્ધ

**યુવરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા** ..................આરોપી

ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ **૬૫AA** મુજબ.

**<u>ચુકાદો</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ **૬૫AA** મુજબના શિક્ષાને પાત્ર ગુના પોલીસ સ્ટેશનમાં હાલનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આોરપી વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ મફત આપ્યાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૩) આરોપીની સદરહું ગુન્હા સબંધે પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, જેમા એવી જાહેરાત કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓને કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે અને દરરોજ નિયમીત રીતે મજુરીકામ પણ મળતુ નથી તેથી તેઓની અને તેઓના પરીવારનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી તનાવમા આવીને ગુનો થઈ ગયેલ છે.

તેઓએ દારૂનું સેવન કરીને પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી. ઝઘડો કરેલ નથી કે અસભ્ય વર્તન કરેલ નથી તેમજ અભદ્ર ભાષા વાપરેલ નથી કે કોઈની સાથે મારામારી કરેલ નથી અને તે મુજબનો કોઈ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. વધુમાં, આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજકામ પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો

અને પ્રથમ ગુનો હોઈ અને પોતે ભુલ સુધારવા માંગતા હોઈ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાનો વ્યય ન થાય તે ધ્યાનમાં લઈ માફી આપવા માટે રહેમ ગુજારવા જણાવેલ છે.

(૫) તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતા વગર પાસ પરમીટે, દારૂ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે પીધેલ હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, અસભ્ય વર્તન કરી, અભદ્ર ભાષા વાપરી મારામારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના ફરીયાદીની ફરીયાદ, તપાસ કરનાર અમલદાર, પંચો તેમજ મેડીકલ ઓફીસરશ્રીને મે તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમા પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા નજીકના ભવિષ્યમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને ફેસલ કરવો સંભવી શકે તેમ નથી. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા અદાલતનો સમય તથા આરોપીએ ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકિકતો અને જયારે આરોપી પોતે પસ્તાવાની લાગણી અનુભવતા હોઈ અને આરોપીની કબુલાતથી સરકારી મશીનરીનો સમય બચી શકે તેમ હોઈ, આ તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામા ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આરોપી નામે **યુવરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા ઉ.વ. ૨૩** ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ **૬૫AA** મુજબના શિક્ષાને પાત્ર ગુના બદલ રૂા.**૧૦૦/–** (**અંકે રૂપિયા સો પુરા**) દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો <u>દિન– **૫**</u> ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુ.પા.નં. <u>૪૬/૧૮</u>, તા.<u>૧૩/૦૪/૧૮</u> માં જણાવેલ મુદામાલનો અપીલ સમય બાદ નીયમ અનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭–એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧/૦૨/ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ
તારીખ :૧૧/૦૨/૨૦૨૩

(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ)
ત્રીજા અધિક ચીફ જયુડી. મેજી.
રાજકોટ
GJ00754